# પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે આયાતમાં શિસ્ત અને આર્થિક સુધારાઓની નિષ્ણાતોની ભલામણ



અ થિંક ચેન્જ ફોરમ (TCF) નામની પોલિસી થિંક ટેન્ક દ્વારા આયોજિત એક રાઉન્ડટેબલ (ગોળમેજી પરિષદ) દરમિયાન નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાની કટોકટીમાંથી ઉદ્ભવતા વિક્ષેપો સામે અર્થતંત્રને સુરક્ષિત રાખવા માટે ભારતે ટેક્સમાં નરમાશ, બિન-જરૂરી આયાત પર કડક નિયંત્રણ અને વેપાર-નિવારણના પગલાંનો ઝડપી અમલ કરવા જેવી ત્રિ-પાંખીય વ્યૂહરચના અપનાવવી જોઈએ. આ ભલામણો TCF દ્વારા નવી દિલ્હીમાં ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે આયોજિત એક કાર્યક્રમમાં બહાર પાડવામાં આવેલા એક શ્વેતપત્ર (વ્હાઇટ પેપર)નો ભાગ હતી, જેનું શીર્ષક 'ઇકોનોમિક રિંગફેન્સ એમિડ ધ વેસ્ટ એશિયા ક્રાઇસિસ: એ થ્રી-પોઇન્ટ એજન્ડા ફોર એક્સપોર્ટ કોમ્પિટિટિવનેસ, ઇમ્પોર્ટ ડિસિપ્લિન એન્ડ ટ્રેડ ડિફેન્સ' છે. આ પત્રમાં દલીલ કરવામાં આવી હતી કે ભારતે "પ્રતિક્રિયાત્મક સબસિડી" (રિએક્ટિવ સબસિડી) થી આગળ વધવાની જરૂર છે અને તેના બદલે પશ્ચિમ એશિયાની કટોકટીને કારણે વૈશ્વિક અસ્થિરતા વચ્ચે સ્થાનિક ઉત્પાદન ક્ષમતાને મજબૂત કરવા અને વિદેશી હૂંડિયામણ અનામત બચાવવાના હેતુથી માળખાકીય પગલાં અપનાવવાની જરૂર છે.

આ પત્ર અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૬ (FY26)માં ભારતની વેપારી આયાત $૭૭૪.૯૮ બિલિયન રહી હતી, જ્યારે નિકાસ $૪૪૧.૭૮ બિલિયન હતી, જેના પરિણામે $333 બિલિયનથી વધુની વેપાર ખાધ થઈ હતી. ચર્ચામાં ભાગ લેનારા નિષ્ણાતોએ સૂચવ્યું હતું કે વૈભવી (લક્ઝરી), બિન-જરૂરી અને નુકસાનકારક (ડેમેરિટ) વસ્તુઓની આયાતને 'ઓપન જનરલ લાયસન્સ' માળખામાંથી હટાવીને પ્રતિબંધિત લાયસન્સિંગ ચેનલોમાં સ્થાનાંતરિત કરવી જોઈએ.

આ પત્રમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સ્થાનિક સ્તરે મજબૂત ઉત્પાદન ક્ષમતાઓ હોવા છતાં, $૧૩૫.૯ મિલિયનની ચોકલેટ અને કોકો પ્રોડક્ટ્સ, અંદાજે $૩૯૩ મિલિયનની બ્યુટી અને પર્સનલ કેર પ્રોડક્ટ્સ અને $૧૧૬ મિલિયનથી વધુની તમાકુ સંબંધિત વસ્તુઓની આયાત કરવામાં આવી હતી. RDIના મેનેજિંગ ડિરેક્ટર અને અર્થશાસ્ત્રી રાજીવ ગુપ્તાએ જણાવ્યું હતું કે, ભારતે વર્તમાન કટોકટીનો ઉપયોગ પ્રીમિયમ અને ઉચ્ચ મૂલ્ય ધરાવતી પ્રોડક્ટ્સનું સ્થાનિક સ્તરે ઉત્પાદન કરવા સક્ષમ મજબૂત મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમ બનાવવા માટે કરવો જોઈએ. તેમણે કહ્યું કે: સમય જતાં, ભારતે પોતાની વેલ્યુ-એડેડ ઇન્ડસ્ટ્રીઝ, ઇનોવેશન ઇકોસિસ્ટમ અને ગ્રાહકોના વિશ્વાસને એટલો મજબૂત કરવો જ જોઈએ જેથી સ્થાનિક ઉત્પાદનોને પણ એ જ આકાંક્ષી મૂલ્ય (એસ્પિરેશનલ વેલ્યુ) સાથે જોવામાં આવે જે હાલમાં આયાતી બ્રાન્ડ્સ સાથે જોવામાં આવે છે.

આ રાઉન્ડટેબલમાં ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) દ્વારા કરવામાં આવતી એન્ટી-ડમ્પિંગ ભલામણોને ફગાવી દેવાના વધતા જતા દર અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. રિપોર્ટમાં જણાવાયું છે કે રિજેક્શન રેટ (ભલામણો ફગાવવાનો દર), જે ૧૯૯૧ થી ૨૦૨૦ વચ્ચે માત્ર ૦.૫ ટકા હતો, તે નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે વધીને ૮૧ ટકા જેટલો ઊંચો થઈ ગયો હતો. સહભાગીઓએ DGTR ની ભલામણો લાગુ કરવા માટે સમયબદ્ધ "કોમ્પલાય-ઓર-

**ઇકોનોમી ઇન્સાઇડર**

એક્સપ્લેન" (પાલન કરો અથવા કારણ આપો) મિકેનિઝમની માંગ કરી હતી અને સ્થાનિક ઉદ્યોગોને સસ્તી આયાતથી બચાવવા માટે એન્ટી-ડમ્પિંગ પગલાંના ઝડપી નોટિફિકેશન માટે આગ્રહ કર્યો હતો. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના ભૂતપૂર્વ સભ્ય અખિલેશ રંજને જણાવ્યું હતું કે, ટેક્સ પોલિસીને માત્ર આવક વસૂલાતના સાધન તરીકે જ નહીં, પરંતુ ઇનોવેશન, ટેક્નોલોજીના વિકાસ અને લાંબા ગાળાના આર્થિક વિકાસને ટેકો આપવાના માધ્યમ તરીકે પણ જોવી જોઈએ. AMRG ગ્લોબલના મેનેજિંગ પાર્ટનર રજત મોહને જણાવ્યું હતું કે આજે ભારતીય વ્યવસાયો માટે સૌથી મોટો છુપો ખર્ચ 'કોમ્પ્લાયન્સ વોલેટિલિટી' (નિયમોના પાલનમાં અસ્થિરતા) છે. વારંવાર થતા પ્રક્રિયાગત ફેરફારો, બદલાતી ફાઇલિંગ સિસ્ટમ્સ અને વધતા જતા કાનૂની વિવાદો અનિશ્ચિતતા પેદા કરે છે અને ઉત્પાદક મૂડીને રોકી રાખે છે. તેમણે ઉમેર્યું હતું કે વૈશ્વિક વિક્ષેપોના સમયમાં પાલન ખર્ચ (કોમ્પ્લાયન્સ કોસ્ટ) ઘટાડવો અને ટેક્સ વહીવટમાં વધુ સ્થિરતા લાવવી એ પોતે જ એક આર્થિક ઉત્તેજના (સ્ટીમ્યુલસ) તરીકે કામ કરી શકે છે.

આ ચર્ચા કેમિકલ્સ, ઇલેક્ટ્રોનિક્સ, ટેક્સટાઇલ અને એગ્રી-પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોમાં 'ઇન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર' (ઊંધી ફરજ માળખું - જ્યાં કાચા માલ કરતાં તૈયાર માલ પર ઓછી ડ્યુટી હોય છે) ને સુધારવા પર પણ કેન્દ્રિત હતી. નિષ્ણાતોએ દલીલ કરી હતી કે આવી વિસંગતતાઓ સ્થાનિક ઉત્પાદનની સ્પર્ધાત્મકતાને નબળી પાડે છે. અર્થશાસ્ત્રી યોગેન્દ્ર કપૂરે જણાવ્યું હતું કે, "જો ભારતીય ઉદ્યોગોએ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવી હોય, તો પોલિસી ફ્રેમવર્કે એ સુનિશ્ચિત કરવું જ પડશે કે ટેક્સ, ડ્યુટી અને કોમ્પ્લાયન્સ સ્ટ્રક્ચર ઉત્પાદનના અંતિમ ખર્ચમાં બિનજરૂરી વધારો ન કરે. ઇન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર અને બ્લોક થયેલી કોસ્ટ મિકેનિઝમ સ્થાનિક સ્પર્ધાત્મકતાને બરાબર એવા સમયે નબળી પાડે છે જ્યારે ભારતને દેશમાં મજબૂત ક્ષમતા નિર્માણ, નિકાસ વિસ્તરણ અને રોકાણની સૌથી વધુ જરૂર છે. આ શ્વેતપત્રમાં ક્રૂડ ઓઇલ, સ્ટીલ અને ફર્ટિલાઇઝર ફીડસ્ટોક્સ જેવા નિર્ણાયક ઇનપુટ્સ માટે ડાયનેમિક ટેરિફ કેલિબ્રેશન ફ્રેમવર્કની સાથે ખાતર ઉત્પાદનમાં વપરાતા નેચરલ ગેસ માટે રિંગ-ફેન્સ્ડ ઇનપુટ ટેક્સ ક્રેડિટ રિફંડ મિકેનિઝમની દરખાસ્ત પણ કરવામાં આવી હતી. મુંબઈના ઇન્કમ ટેક્સના ભૂતપૂર્વ પ્રિન્સિપલ ચીફ કમિશનર દેવેન્દ્ર સક્સેનાએ જણાવ્યું હતું કે, સબસિડી અને પ્રોત્સાહનો (ઇન્સેન્ટિવ્સ) વચ્ચે મૂળભૂત તફાવત છે. સબસિડી માત્ર તાત્કાલિક બોજ ઘટાડે છે, જ્યારે સમજદારીપૂર્વક તૈયાર કરાયેલા પ્રોત્સાહનો આર્થિક વિકાસની દિશા નક્કી કરી શકે છે. ભારતને હવે વધુ વ્યૂહાત્મક નાણાકીય આર્કિટેક્ચરની જરૂર છે જે લાંબા ગાળાની ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા, રોકાણ, ઇનોવેશન અને ટેક્નોલોજી અપનાવવાની પ્રક્રિયાને પ્રોત્સાહિત કરે.

**નિષ્ણાતોએ સૂચવ્યું હતું કે વૈભવી , બિન-જરૂરી અને નુકસાનકારક વસ્તુઓની આયાતને 'ઓપન જનરલ લાયસન્સ' માળખામાંથી હટાવીને પ્રતિબંધિત લાયસન્સિંગ ચેનલોમાં સ્થાનાંતરિત કરવી જોઈએ**

# અમેરિકાની ટ્રેડ ડીલ તથા મીડલ ઈસ્ટના તણાવ મામલા અંગેની ઘટનાઓથી રોકાણકારો દ્વિધામાં

ભા રતીય શેરબજારમાં નફાવસુલીનું દબાણ વધી રહ્યું છે. જેનાથી રોકાણકારોને દ્વિધા થઈ રહી છે કે બજાર નીચે જાય તો ખરીદી કરવી કે દરેક ઉછાળે હળવા થવું. કેમ કે સૌથી મોટી સમસ્યા ગત ફેબ્રુઆરીથી શરૂ થયેલા ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકા યુદ્ધની મીડલ ઈસ્ટમાં શરૂ થઈ રહેલા તણાવના કારણે વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ જોવા મળી રહ્યો છે, જેમાં શેરબજાર આ તણાવમાં તણાઈ રહ્યું છે.



છેલ્લા કેટલાક સમયથી ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ વિરામ ચાલી રહ્યું છે, પણ તેની સાથે સાથે તણખલાંઓ પણ થઈ રહ્યા છે, જેનાથી અસ્થિરતા વધી જાય છે. ગત સપ્તાહમાં પણ ઈરાન અને અમેરિકાએ યુદ્ધ વિરામ લંબાવવા માટે સહમત થયાના અહેવાલ આવ્યા હતા અને ચોવીસ કલાક પણ થયા નહતા અને ઈરાન પર હુમલાના સમાચાર શરૂ થઈ ગયા હતા. જેથી રોકાણકારોને અમેરિકા અને ઈરાન પર ભરોસો રહ્યો નથી, જ્યાં સુધી આ યુદ્ધ સંપુર્ણ ખતમ ન થાય ત્યાં સુધી રોકાણકારો અળગા રહેવાનું વિચારી રહ્યા છે. ભારતીય શેરબજારની વાત કરીએ તો રોકાણકારોને માત્ર મીડલ ઈસ્ટ તણાવ જ નહીં, પણ અમેરિકાના ટ્રેડ ડીલના મામલે પણ રોકાણકારો ચિંતામાં છે. આ સિવાય ક્રુડ ઓઈલના ભાવમાં વધઘટ, વિદેશી રોકાણકારોની વેચવાલી અને એમએસસીઆઇ રિબેલેન્સીંગ જેવા પરિબળો એક સાથે અસરકારક બન્યા છે. તેની સાથે યુક્રેન અને રશિયા યુદ્ધ પણ સક્રિય બની ગયું છે. આમ, હજુય વૈશ્વિક સ્થિતિ ડામાડોળ છે. જેની અસર ભારતીય સહિત વૈશ્વિક બજારો ઉપર પણ જોવા મળી રહી છે. વર્તમાન સ્થિતિ પર નજર કરીએ તો વિશ્વ અર્થતંત્રની દ્રષ્ટિએ મંદી તરફ ધકેલાઇ રહ્યું છે અને આ સ્થિતિ ચાલુ રહેશે તો વધુ ગંભીર સ્થિતિ સર્જાઇ શકે છે.

**એફઆઈઆઈની વેચવાલી, ક્રુડ ઓઇલના ભાવની વધઘટ, એમએસસીઆઇના રિબેલેન્સીગ જેવા પરિબળોની શેરબજારમાં અસર જોવા મળશે**

વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલની અસર સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં છેલ્લા અડધા કલાકમાં જોવા મળી હતી,

**માર્કેટ વોચ**

ભારે નફાવસુલી રહી હતી અને શેરબજારમાંથી એક્ઝીટ કરતા જોવા મળ્યા છે. જે દર્શાવે છે કે, રોકાણકારોમાં ભારે ગભરાટ ફેલાઇ રહ્યો છે, જે સારા સંકેત નથી. ભારત સરકારની સમક્ષ લોંગટર્મ કેપિટલ ગેઈન્સમાં સુધારો કરવાની વાતો ચાલી રહી છે, પણ તે હજુય જાહેરાતના અભાવે એક લોલીપોપ જેવું લાગી રહ્યું છે, તેની સામે ઓઈલ અને ગેસ કંપનીઓએ ચાર-ચાર વખત પેટ્રોલ-ડિઝલ અને સીએજીના ભાવમાં વધારો કર્યો છે. જેનાથી આવનારા સમયમાં મોંઘવારી વધુ ઝડપી વધે તેવી પુરેપુરી સંભાવના દેખાઈ રહી છે.

આ સાથે ભારતીય હવામાન વિભાગે પણ ચોમાસુ સામાન્યથી ઓછું થવાની આગાહી કરી છે, તે 90 ટકા વરસાદની આગાહી કરી છે. જે નબળું ચોમાસુ અને યુદ્ધની અનિશ્ચિતતાને લઈને એકાએર રેપો રેટમાં વધારો કરવાનો નિર્ણય લેવાની તૈયારીમાં હોવાની શક્યતા જોવાઇ રહી છે. ક્રુડ ઓઈલના ભાવ પાછળા સપ્તાહમાં મધ્ય મથાળેથી તુટયા છે અને ડોલર સામે રૂપિયો પણ મજબૂત બન્યો છે, પરંતુ ઔદ્યોગિક પ્રવૃત્તિ ધીમી પડી રહી હોવાનું અને વિદેશી રોકાણકારોની શેરોમાં સતત વેચવાલી જોતાં સ્થાનિક રોકાણકારોના જોરે શેરોમાં તેજીને ટકવી રાખવી હવે મુશ્કેલ બનતું જોવાઇ રહ્યું છે, જેથી તેજીનો પથ કાંટાળો હોવાનું સ્પષ્ટ છે. મોંઘવારી, બેરોજગારી સહિતના પરિબળો દેશમાં આર્થિક અધોગતિ લાવી શકે છે. જેથી શેરોમાં ઉછાળા આવે તો હાલ તુરંત વેચીને હળવા થવું હિતાવહ છે. શેરોમાં ઉછાળા ભ્રામક નીવડશે. આ વર્ષે ચોમાસુ પણ નબળું રહેવાની થઇ રહેલી આગાહીને જોતાં મોંઘવારી કાબુ બહાર જવાની પુરી શક્યતા રહેશે. જેથી પુર પહેલા પાળ બાંધવા માટે રિઝર્વ બેન્ક વ્યાજદર વધારી શકે છે.

છેલ્લા સપ્તાહમાં બોર્ડર માર્કેટમાં પસંદગીના શેરોમાં ઝડપી ઉછાળો જોવાયો હતો અને બ્રોડર માર્કેટ પોઝિટિવ રહ્યું હતું, પણ સપ્તાહના અંતિમ દિવસે જે રીતે નફાવસુલી રહી તેને જોતાં આગામી દિવસોમાં બ્રોડર માર્કેટ એટલે કે રોકડાના શેરોમાં નફાવસુલી ચાલુ રહે તેવી સંભાવના છે. જોકે, કોર્પોરેટ કંપનીઓના પરિણામો અપેક્ષા મુજબના રહ્યા હતા, એટલા બધા નબળા રહ્યા નહતા. પરંતુ જુન કવાર્ટરના પરિણામો ઉપર અસર પડશે અને તેમાં નબળું ચોમાસુ અને વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ અસર કરશે અને જુન કવાર્ટર નબળા રહેવાની શક્યતા છે અને ફરી ઈરાન-અમેરિકા યુદ્ધની પરિસ્થિતિ વકરવાના સંજોગોમાં બજારમાં મોટા કડકા બોલિ શકે છે. જેથી નવી ખરીદીમાં ખુબ જ સાવચેત રહેવું.

# આગામી બે વર્ષમાં ઓટો સેક્ટરમાં સરેરાશ 20 ટકાના દરે વૃદ્ધિ જોવા મળશે

છે લ્લા કેટલાક મહિનાઓથી ઓટો સેકટરમાં તેજીનો મુડ જોવા મળી રહ્યો છે અને આવનારા સમયમાં ઓટોમોબાઈલ ક્ષેત્ર મજબૂત વૃદ્ધિ નોંધાવી શકે છે. જેમાં પેસેન્જર વ્હીકલ અને ટુ વ્હીલર્સ સેગમેન્ટમાં તેજી આવી શકે છે.



આગામી બે નાણાકીય વર્ષમાં ભારતનું ઓટોમોબાઈલ ક્ષેત્ર મજબૂત વૃદ્ધિ નોંધાવે તેવી અપેક્ષા છે. ખાસ કરીને પેસેન્જર વ્હીકલ અને ટુ-વ્હીલર સેગમેન્ટમાં તેજી આવી શકે છે. રિસર્ચ ફર્મ નુવામાના રિપોર્ટ અનુસાર, ડોમેસ્ટિક ડિમાન્ડ, સરળ ફાઈનાન્સિંગ અને નવા મોડલને કારણે ઓટો સેક્ટરમાં વેચાણમાં વધારો થવાની ધારણા છે.

નુવામાના અહેવાલ અનુસાર, નાણાકીય વર્ષ 2026 અને નાણાકીય વર્ષ 2028ની વચ્ચે, પેસેન્જર વાહનો 8 ટકાના સીએજીઆર, ટુ-વ્હીલર્સ 6 ટકા, મધ્યમ અને ભારે વ્યાપારી વાહનો 2 ટકા અને ટ્રેક્ટર 1 ટકાના સીએજીઆર પર વૃદ્ધિ પામવાનો અંદાજ છે. રિપોર્ટ અનુસાર, કાર અને બાઈક સેગમેન્ટ બાકીની ઓટો કેટેગરી કરતા ઝડપથી વધી શકે છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મે 2026માં પણ ઓટો સેક્ટરનું જથ્થાબંધ વેચાણ મજબૂત રહી શકે છે. આના મુખ્ય કારણોમાં વધુ સારી પરવડે તેવી ક્ષમતા, નવા વાહનોનું લોન્ચ, લગ્નની સીઝનની માંગ અને સરળ ફાઈનાન્સિંગ માનવામાં આવે છે. આ સિવાય મધ્ય પૂર્વમાં થોડું દબાણ હોવા છતાં મોટાભાગની કંપનીઓની નિકાસમાં પણ સકારાત્મક વૃદ્ધિ થવાની ધારણા છે.

**પેસેન્જર વાહનો અને ટુ-વ્હીલર્સ સેગમેન્ટમાં તેજી આવી શકે છે : નુવામાનો અહેવાલ**

પેસેન્જર વ્હીકલ સેગમેન્ટમાં, મે 2026 દરમિયાન સ્થાનિક વેચાણ વાર્ષિક 20 ટકાથી વધુના દરે વધવાની ધારણા છે. રિપોર્ટ અનુસાર ટાટા મોટર્સનું પેસેન્જર વ્હીકલનું વેચાણ 35 ટકા વધીને 56,700 યુનિટ થઈ શકે છે, મારૂતિ સુઝુકીનું વેચાણ 25 ટકા વધીને 2.25 લાખ યુનિટ થઈ શકે છે. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનું વેચાણ 15 ટકા વધીને 97000 યુનિટ થવાની

**ઓટો વોચ**

ધારણા છે, અને હ્યુન્ડાઈનું વેચાણ 7 ટકા વધીને 63000 યુનિટ થઈ શકે છે

રિપોર્ટ અનુસાર, ટુ-વ્હીલર ઉદ્યોગ પણ મે 2026 દરમિયાન 10 ટકાથી વધુની વૃદ્ધિ જોઈ શકે છે. લગ્નની મોસમ, નીચા આધાર અને વધતી પરવડે તેવું આના મુખ્ય કારણ માનવામાં આવે છે. જેમાં ટુ વ્હીલર કંપની ટીવીએસ મોટરનું વેચાણ 18 ટકા વધીને 5.10 લાખ યુનિટ, રોયલ એનફિલ્ડનું વેચાણ 16 ટકા વધીને 1.04 લાખ યુનિટ, બજાજ ઓટોનું વેચાણ 16 ટકા વધીને 4.45 લાખ યુનિટ અને હીરો મોટોકોર્પનું વેચાણ 12 ટકા વધીને 5.70 લાખ યુનિટ થઈ શકે છે

રિપોર્ટ અનુસાર, ટ્રેક્ટર સેક્ટરમાં ગ્રામીણ વિસ્તારોમાં રોકડમાં વધારો માંગને મજબૂત રાખી શકે છે અને મે 2026માં સ્થાનિક વેચાણમાં 15 ટકાથી વધુનો વધારો થઈ શકે છે. જો કે, મીડલ ઈસ્ટના તણાવને કારણે બળતણના વધતા ભાવથી ખર્ચ પર દબાણ વધી શકે છે. કોમર્શિયલ વ્હીકલ સેક્ટરનો વિકાસ નાણાકીય વર્ષ 2026ના બીજા અર્ધવાર્ષિક ગાળાની તુલનામાં થોડો ધીમો હોઈ શકે છે. મીડલ ઈસ્ટ સિવાય અલ નીનોનો ઈસ્યુ પણ વધુ ગંભીર રહી શકે છે. નબળા ચોમાસાના પગલે ટ્રેક્ટરના વેચાણમાં ઘટાડો થશે, એટલું જ નહીં, ગ્રામીણ ક્ષેત્રમાંથી ખરીદી ઘટી શકે છે.

# જાહેર ક્ષેત્રની બેંકોએ 1.98 લાખ કરોડનો અત્યાર સુધીનો સૌથી વધુ ચોખ્ખો નફો નોંધાવ્યો

જા હેર ક્ષેત્રની બેંકોએ (PSBs) નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન મજબૂત નાણાકીય કામગીરી નોંધાવવાનું ચાલુ રાખ્યું છે, જે સતત વ્યવસાયિક વૃદ્ધિ, સુધારેલી અસ્ક્યામતની ગુણવત્તા, રેકોર્ડ નફાકારકતા અને મજબૂત મૂડી સ્થિતિને પ્રતિબિંબિત કરે છે.જાહેર ક્ષેત્રની બેંકોનો કુલ વ્યવસાય 31.03.2026 ના રોજ વધીને રૂ.283.3 લાખ કરોડ થયો છે, જે પાછલા વર્ષની સરખામણીમાં 12.8% ની વૃદ્ધિ નોંધાવે છે. કુલ થાપણો વાર્ષિક 10.6% વધીને રૂ.156.3 લાખ કરોડ થઈ છે, જે થાપણદારોનો સતત વિશ્વાસ અને જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા મજબૂત સંસાધન ગતિશીલતા દર્શાવે છે. ગ્રોસ એડવાન્સિસે વાર્ષિક 15.7% વૃદ્ધિ નોંધાવી છે અને રૂ.127 લાખ કરોડ પર પહોંચી છે, જે અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં સતત ધિરાણની માંગ સૂચવે છે.

નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન રિટેલ, કૃષિ અને MSME (RAM) ક્ષેત્રોમાં ધિરાણ વૃદ્ધિ વ્યાપક રહી હતી. રિટેલ, કૃષિ અને MSME એડવાન્સિસ અનુક્રમે 18.1%, 15.5% અને 18.2% વધ્યા છે, જે ઉદ્યોગસાહસિકતાને ટેકો આપવા, નાણાકીય સમાવેશને મજબૂત કરવા અને વ્યાપક આર્થિક વૃદ્ધિને સક્ષમ કરવામાં જાહેર ક્ષેત્રની બેંકોની મહત્વની ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે.

નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન જાહેર ક્ષેત્રની બેંકોની અસ્ક્યામતની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે, જેમાં ગ્રોસ NPA રેશિયો (બિન-કાર્યક્ષમ અસ્ક્યામતો) ઘટીને 1.93% અને નેટ NPA રેશિયો 31.03.2026 ના રોજ 0.39% થયો છે, જે તણાવગ્રસ્ત અસ્ક્યામતોના ઐતિહાસિક રીતે નીચા સ્તરને પ્રતિબિંબિત કરે છે. વધુમાં, દરેક જાહેર ક્ષેત્રની બેંકે 90% થી વધુનો પ્રોવિઝનિંગ કવરેજ રેશિયો જાળવી રાખ્યો છે, જે સમજદારીપૂર્વકની પ્રોવિઝનિંગ પદ્ધતિઓ, સુધારેલા અન્ડરરાઈટિંગ ધોરણો, અસરકારક જોખમ સંચાલન પ્રણાલી અને મજબૂત બેલેન્સ શીટ સ્થિતિસ્થાપકતા સૂચવે છે. નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન નવા સ્લિપેજ ઘટવાનું ચાલુ રહ્યું હતું, જેમાં સ્લિપેજ રેશિયો



ઘટીને 0.7% થયો હતો. રાઈટ-ઓફ કરાયેલા ખાતાઓની વસૂલાત સહિત કુલ વસૂલાત રૂ.86,971 કરોડ રહી હતી, જે જાહેર ક્ષેત્રની બેંકોમાં સુધારેલી વસૂલાત પ્રણાલી અને વધુ સારી ધિરાણ શિસ્તને પ્રતિબિંબિત કરે છે.

**જાહેર ક્ષેત્રની બેંકોનો કુલ વ્યવસાય નાણાકીય વર્ષ 2025-26માં રૂ.283.3 લાખ કરોડ પર પહોંચ્યો, 12.8%ની મજબૂત વાર્ષિક વૃદ્ધિ નોંધાવી**

સુધારેલી અસ્ક્યામતની ગુણવત્તા, સ્વસ્થ ધિરાણ વિસ્તરણ અને ઊંચી આવકે નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન જાહેર ક્ષેત્રની બેંકોની નફાકારકતામાં સુધારો કરવામાં ફાળો આપ્યો હતો. કુલ ઓપરેટિંગ નફો રૂ.3.21 લાખ કરોડ પર પહોંચ્યો હતો, જ્યારે કુલ ચોખ્ખો નફો વાર્ષિક 11.1% વધીને રૂ.1.98 લાખ કરોડની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જે જાહેર ક્ષેત્રની બેંકો માટે સતત

**બિઝનેસ વ્યૂ**

ચોથા વર્ષે કુલ નફાકારકતા દર્શાવે છે. જાહેર ક્ષેત્રની બેંકોની મૂડી સ્થિતિ સ્વસ્થ રહી હતી, જેમાં કુલ CRAR (Capital to Risk (Weighted) Assets Ratio) 31.03.2026 ના રોજ સુધરીને 16.6% થયો હતો, જે આંતરિક પ્રોત્સાહનો, જાળવી રાખેલી કમાણી અને નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન રૂ.50,551 કરોડની મૂડી ઉભી કરવા દ્વારા ટેકો પામેલ છે. તમામ જાહેર ક્ષેત્રની બેંકોનો CRAR 11.5% ની નિયામક જરૂરિયાત કરતા ઘણો ઉપર રહ્યો હતોજેના કારણે સતત ધિરાણ વૃદ્ધિ માટે પૂરતું સુરક્ષા કવચ ઉપલબ્ધ બન્યું હતું.

## શેડ્યૂલ કોમર્શિયલ બેંકોએ (SCBs) નાણાકીય વર્ષ 2025-26માં 15.9%ની મજબૂત ધિરાણ વૃદ્ધિ નોંધાવી

કૃષિ અને આનુષંગિક ક્ષેત્રના ધિરાણની વૃદ્ધિ નાણાકીય વર્ષ 2025-26માં વધીને 15.7% થઈ, જે એક વર્ષ અગાઉ 10.4% હતી, જે સતત ગ્રામીણ માંગ અને શ્રેષ્ઠ ધિરાણ પ્રવાહ દર્શાવે છે ઔદ્યોગિક ધિરાણ અગાઉના વર્ષના 8.2% ની સરખામણીએ નાણાકીય વર્ષ 2025-26 માં વધીને 15% થયું, જે MSME ધિરાણમાં મજબૂત ગતિને કારણે છે સેવા ક્ષેત્રની ધિરાણ વૃદ્ધિ ગયા વર્ષના 12% થી વધીને 19% થઈ, જેમાં NBFCs, વેપાર અને કોમર્શિયલ રિયલ એસ્ટેટ સેગમેન્ટમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.પર્સનલ લોન અગાઉના વર્ષના 11.7% થી વધીને 16.2% થઈ, જેમાં વાહન અને સોનાના દાગીના સામેની લોનની મજબૂત માંગ અને સ્થિર હાઉસિંગ ક્રેડિટનો સમાવેશ થાય છે નાણાકીય વર્ષ 2025-26નો અંત 15.9% ના મજબૂત વાર્ષિક (y-o-y) નોન-ફૂડ ક્રેડિટ વૃદ્ધિ સાથે થયો હતો, જે 2025ના સમાન સમયગાળા (10.9%) ની સરખામણીએ વૃદ્ધિમાં નોંધપાત્ર 497 બેસિસ પોઈન્ટ્સ (bps) નો વધારો દર્શાવે છે. માર્ચ-2026 માં કુલ બાકી ધિરાણ રૂ.212.9 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, જે અગાઉના વર્ષ કરતાં રૂ.29.2 લાખ કરોડ વધુ છે. નાણાકીય વર્ષ 2025-26માં ધિરાણ વૃદ્ધિ વ્યાપક આધારિત રહી છે, જેનું નેતૃત્વ સેવા ક્ષેત્ર દ્વારા કરવામાં આવ્યું છે, ત્યારબાદ પર્સનલ લોન સેગમેન્ટ, કૃષિ અને આનુષંગિક પ્રવૃત્તિઓ અને ઉદ્યોગનો સમાવેશ થાય છે. કૃષિ અને આનુષંગિક પ્રવૃત્તિઓ: આ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિ ઝડપી બનીને 15.7% થઈ છે, જે અગાઉના વર્ષે નોંધાયેલી 10.4% ની વૃદ્ધિ કરતાં 528 bps વધુ છે, જે કૃષિ ક્ષેત્ર માટે મજબૂત સમર્થન દર્શાવે છે. નાણાકીય વર્ષ 2025-26 માં પ્રાથમિક ક્ષેત્રના ધિરાણના હકારાત્મક વેગ માટે સતત ગ્રામીણ માંગ અને ગ્રામીણ ધિરાણનું ઔપચારિકરણ જવાબદાર છે. ઔદ્યોગિક ક્ષેત્ર: ઔદ્યોગિક ક્ષેત્ર: ઔદ્યોગિક ક્ષેત્રમાં ધિરાણનો ઉપયોગ લગભગ બમણા દરે વધીને 15.0% થયો, જે ગયા વર્ષે 8.2% વૃદ્ધિ દર્શાવે છે. 33.1% વાર્ષિક વૃદ્ધિ સાથે, 'માઈક્રો અને સ્મોલ' (સુક્ષ્મ અને લઘુ) ઉદ્યોગોએ નાણાકીય વર્ષ 2025-26 માં 3.7 ગણી વધુ ધિરાણ વૃદ્ધિ નોંધાવી છે. મધ્યમ કદના ઉદ્યોગો માટે પણ આવા જ હકારાત્મક પ્રવાહો જોવા મળ્યા છે જ્યાં ધિરાણ વાર્ષિક ધોરણે 21.7% વધ્યું છે. ઔદ્યોગિક ધિરાણના મુખ્ય ચાલક બળોમાં: ઇન્ફ્રાસ્ટ્રક્ચર, બેઝિક મેટલ અને મેટલ પ્રોડક્ટ્સ, કેમિકલ્સ અને કેમિકલ પ્રોડક્ટ્સ, પેટ્રોલિયમ, કોલસાની બનાવટો અને ન્યુક્લિયર ફ્યુઅલ વગેરે છે. એકંદર ધિરાણમાં 28% યોગદાન આપતા સેવા ક્ષેત્રે વાર્ષિક ધોરણે 19.0% નું મજબૂત વિસ્તરણ નોંધાવ્યું છે (ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન નોંધાયેલા 12.0% ની સરખામણીએ). આ ઉછાળો મુખ્યત્વે નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓ (NBFCs), વેપાર અને કોમર્શિયલ રિયલ એસ્ટેટ જેવા સેગમેન્ટ્સની ઊંચી માંગને કારણે હતો. કુલ ધિરાણમાં 33% હિસ્સો ધરાવતો પર્સનલ લોન સેગમેન્ટ નાણાકીય વર્ષ 2025-26માં 16.2% વધ્યો છે, જે એક વર્ષ અગાઉ નોંધાયેલી ધિરાણ વૃદ્ધિ (11.7%) કરતાં 455 bps વધુ છે. હાઉસિંગ સેગમેન્ટમાં વૃદ્ધિ સ્થિર રહી છે, જ્યારે વાહન લોન અને સોનાના દાગીના સામેની લોનમાં મજબૂત ગતિ ચાલુ રહી છે.